श्री नाथद्वारानो भोमियो.

૫૬૫૦

શ્રીજી.

અથવા

શ્રીનાથ દ્વારાનો ભોમિયો.

પ્રકટ કર્ત્તા.

જમનાદાસ ગોવિંદદાસ ઝવેરી.
તાલુકા સ્કુલ-માસ્તર-પાલણપુર.

અમદાવાદ.
પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
"એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસ"માં
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપ્યો.

સને ૧૮૯૪ સંવત ૧૯૫૦

કીંમત બે આના.

પ્રસ્તાવના.

દીનપરદીન જાત્રા કરવા જવા સારૂ લોકોની હોંશ વધતી જાય છે અને આગગાડીથી પહોંચાય તેવી જગોએ ઘણા લોકો દર વરસે જાત્રાએ જાય છે, પરંતુ શ્રીનાથજી ના રસ્તા વગેરે હકીકતથી ઘણા લોકો અજાણ્યા છે તેમની માહિતીને વાસ્તે મારા તાજા અનુભવ પ્રમાણે એક નાની ચોપડી કાઢવા મારા મનમાં પ્રેરણા થઇ તેને પાલણપુર સ્ટેટના મુખ્ય કારભારી સાહેબ મેહેરબાન દુર્લભજી ધરમશી વેદ એજ સાહેબે પૂરતો આશ્રય આપવા ખુશી બતાવી માટે તેમના આશ્રયથી આ લઘુ પુસ્તક બહાર પાડવાનું બની આવ્યું છે તે બાબત તેમનો મારા પ્રત્યે ભારે ઉપકાર થયો છે તે જણાવતા સર્વ વૈષ્ણવોને વિનંતી કરવામાં આવે છે કે કોઇને કાંઇ ભૂલ ચૂક માલુમ પડે તો તે જણાવવા અનુગ્રહ કરશો કે બીજે પ્રસંગે સુધારો કરવા માં આવશે.

આ લઘુ પુસ્તક બહાર પાડવાનો મૂખ્ય હેતુ જાત્રાળુની સંખ્યામાં વૃદ્ધિ થવાનો, વૈષ્ણવ ધર્મનો પ્રસાર થવાનો તેમજ જે ઉપજ થાય તેમાંથી અમુક ભાગ આવા કામમાં રોકતાં બાકીનો શ્રીનાથજીને અર્પણ કરવાનો છે. તા૦ ૪થા જાનેવારી સન ૧૮૯૪ મુ૦ પાલણપુર.

જ. ગો. ઝવેરી.

કર્તા.

श्री कृष्णः शरणं मम.

श्रीजी

અથવા.

श्री नाथद्वारानो भोमियो.

(ગરબી.)

ચાલોને જઈએ શ્રીજી,
શ્રી મુખ સુંદર જોવાને;
આવોતો તતપર થઈએ,
શ્રી મુખ સુંદર જોવાને. ઇત્યાદી.

श्री नाथद्वारा—એ વૈષ્ણવ ધર્મ પાળનારા હિંદુઓના તીર્થની મૂખ્ય જગા છે; અને પોતાની જીંદગીમાં ઓછામાં ઓછું એક વખત ત્યાં જઇને શ્રીજી અથવા શ્રી નાથજીની ઝાંખી કરી આવવાથી તેનો દેહ પાવન થાય છે; અને પોતાની જીંદગીનું સાર્થક થયુ એવું દરેક વૈષ્ણવ અંતઃકરણ પૂર્વક માને છે. જ્યારે આગગાડી નહોતી ત્યારે દર વરસે જાત્રા કરવાને મોટા મોટા સંગ કહાડી વૈષ્ણવ લોકો ત્યાં જતા; અને પગરસ્તે અનેક સંકટો વેઠી વિકટ માર્ગમાં પ્રવાસ કરતા હતા, ગામમાંથી વિદાય થતી વખત તેમનાં સગાં વહાલાં તથા સ્નેહી સંબંધી, આડોશી પાડોશી અને મિત્ર મંડળ ગામની ભાગોળ સુધી કે બબે ત્ર-

ણુ ત્રણ ગાઉ સુધી વળાવવા જતા હતા, તેમજ તેગને શ્રુ-
કનમાં નાળીએર તથા હાથ ગરણાનું નાણું આપતા હતા.
રસ્તામાં તાપ, તંડકો, ટાઢ, શરદી, ભૂખ, તરશ, લૂટ, ચો-
રી, ઉજાગરો, એવાં એવાં દુઃખ વેઠવાં પડતાં,
જેની ભાડાના પૈસા ખરચવાની શક્તિ ન હોય તે-
ઓ પગે ચાલીને જતા. કેટલાક અડધું કે પા ભાડું કર-
તા હતા. અને શ્રી નાથજી સુધીનું રૂ ૭૫) સુધીનું જ-
વા આવવાનું ભાડું થતું હતું. તેથી થોડી પેદાશ વાળાને
એવી જાત્રાએ જવું ઘણું મૂસ્કેલ પડતું. પણ હાલના વ-
ખતમાં આગગાડી થવાથી, અંગ્રેજ સરકારની સૂચના પ્ર-
માણે સડકો થવાથી, અને લૂટ ચોરીનો ભય ઓછો થવા-
થી ઉપરની તમામ અડચણો દૂર થઇ છે. અને હવે ગ-
રીબ કે તવંગર ગમે તેવો માણુસ હોય તોપણ તે આવી
જાત્રાનો લાભ લઇ શકે છે. તેથી દીન પરદીન જાત્રાળુની
સંખ્યામાં વધારો થતો જાય છે. આગળના વખતમાં લોકો
નાથદ્વારે થઇને બુંદી, કોટા, મથુરાં, પ્રયાગ, ગયાજી, કાશી
વીગેરે સ્થળે જતા હતા. કારણુ નીચેના શ્લોક પ્રમાણે સા-
તપૂરીઓ મૂખ્ય ગણાય છે.

श्लोकः

अयोध्या मथुरा माया काशी कांची अवंतिका ॥
पुरी द्वारामति चैव सप्तैता मोक्षदायिका ॥"

હાલમાં મથુરાં, હરિદ્વાર, ગયાજી, પ્રયાગ, કાશી, અ-
યોધ્યા એટલી જગાએ તો ઘણા ખરા માણુસો દર વરસે
જાત્રા કરવા સરૂ જાય છે. કારણુ કે એ બધી જગોએ
રેલવેનું સાધન છે, તેથી સંગાથ કે સોબત મેળવી પડ-

તી નથી. તેમજ આગળના જેવી હરકતો પણ રહી નથી. અને ભાડું પણ ઘણું ઓછું બેસે છે. તેમજ નીયમિત રકમમાં ખરચની હદ આવી રહે છે, અને ધારેલી મુદત માં જાત્રા કરી પાછા ફરાય છે. એટલે એવી જગાને વાસ્તે માહિતી મેળવવાને મૂશ્કેલ નથી પણ શ્રી નાથદ્વારા જવા. નો રસ્તો ઓતાડો છે. અને પગ રસ્તાની મૂસાફરી વગર ત્યાં જઇ શકાતું નથી. તેમજ રસ્તામાં કેવી કેવી હરકતો નડે છે; કહે સ્ટેશને જવાથી સૂલભ પડે તેવું છે; એ વીગેરે હકીકતથી ઘણો ભાગ અજાણ છે માટે શ્રી નાથજીની ઝાંખી કરવાની અપેક્ષા રાખનારને વાસ્તે એક નાનકડી ગાઇડ (ભોમિયો) કાઢવા મને આકાંક્ષા થઇ તે સર્વ વૈષ્ણવોને ઉપયોગી થઇ પડશે એવી હું આશા રાખું છું.

શ્રીનાથ દ્વારે જવાના માર્ગ.

જૂનો માર્ગ—શ્રીનાથ દ્વારા જવાને માટે ગૂજરાતના લોકો પ્રથમ ડાકોરજી થઈ કપડવણજથી મોડાસાને રસ્તે શામળાજી જતા હતા.

શામળાજી—અમદાવાદથી લગભગ ૫૦ ગાઊ થાય છે, અને તે ઇડર સ્વસ્થાનના તાબાનું ગામ છે, ત્યાં દર વર્ષે કાર્તકી પૂનેમ ઉપર મોટો મેળો ભરાય છે, ત્યાં આગળ પહેલાં અફીણની મોટી ખરીદી થતી હતી. એ જગા નાગધરા નામની નદીને કિનારે આવેલી છે. ઇડરથી શામળાજી સુધી ઈડરના મહારાજાશ્રી તરફથી એક સીધી સડક બાંધેલી છે. સામળાજીનું મંદીર ઘણું મોટું છે, અને તે મંદીરના દરવાજા બહાર બે બાજુએ ખરા હાથીના કદના

એ મોટા હાથી ઈંટ, ચૂના, ને પથ્થરના બનાવેલા ખડા કરેલા છે. તે, મંદીની જગા છે એમ બતાવી આપે છે. કારણ કે અહીંથી આગળ જતાં ઘણું કરીને તમામ મંદીરોમાં એવા બે હાથી જોવામાં આવે છે. મંડપના મધ્ય ભાગમાં કાળા આરસના ગરૂડજી બિરાજે છે. મેળાને વાસ્તે દુકાનો તથા બજાર બાંધેલું છે. મહિકાંઠાના પોલિટિકલ એજન્ટ સાહેબ બંદોબસ્તને માટે મેળાના અરસામાં ત્યાં જાય છે. તેમની ગેર હાજરીમાં તેમના આસિસ્ટંટ પણ કોઈ કોઈ વખત ત્યાં જાય છે. તેમજ સ્વાર અને પોલીસ અગાઉથી ત્યાં મોકલવામાં આવે છે. હાલમાં પણ અમદાવાદ વિગેરે શહેરોથી ત્યાં વેપારી લોકો માલ લેઇને જાય છે. આગુ બાજુના લોકો ગાય, ભેંસ, બળદ, વિગેરે ઢોર વેચવાને કે ખરીદ કરવાને પણ ત્યાં આવે છે. તેથી ઢોરના પ્રદર્શન જેવું તે વખતે થઈ રહે છે. શામળાજીથી ત્રીસ કોસને છેટે ઉત્તરમાં શ્રી રીખવનાથજી કે કેશરીઆજીનું ધામ આવે છે.

केशरीआजी—એ શ્રાવક લોકના તીર્થની જગા છે માટે હજારો જૈન માર્ગના માણસો દર વર્ષે ત્યાં જાય છે. રીખવનાથજી જનારા લોકો હાલમાં વારંગાથી ઈડર અને ત્યાંથી શામળાજીને માર્ગે જાય છે. કેશરીઆજીથી ત્રીસ ગાઉને છેટે ઉદેપૂર આવે છે.

उदेपूर—એ મેવાડના રાજ્યની રાજધાની છે, અને તે સંબંધીનું પુસ્તક બહાર પડેલું છે માટે આ જગોએ તે વિષે વધારે હકીકત આપી નથી. ઉદેપૂરથી વીશ માઇલ એટલે બાર કે તેર ગાઉ ઉપર એકલીંગજી મહાદેવની જગા છે.

एकलींगजी—આની જગા ઘણી સુંદર છે અને ડુંગરોની વચ્ચે બાંધેલી છે. એકલીંગજીનો વૈભવ શ્રીનાથદ્વારાને મળતો છે અને તેના ખરચને વાસ્તે બાર ગામ ઉદેપૂરના મહારાણા તરફથી મળેલાં છે, તેની પેદાશમાંથી ખરચ ચાલે છે. એકલીંગજીથી બાર માઈલને છેટે ઉત્તરમાં શ્રીનાથદ્વારાની જગા આવેલી છે.

श्रीनाथद्वारा—આની જગો મેવાડની હદમાં આવેલી છે. અને તેના તાબામાં ખર્ચને વાસ્તે બત્રીશ ગામ આપેલાં છે તેની પેદાશમાંથી તથા વૈષ્ણવ લોકો તરફથી જે ઉપજ થાય છે તેમાંથી તેનું ખરચ ચાલે છે.

શ્રીનાથદ્વારા એ એક નાનો કસ્બો છે, તે ઉદેપૂરથી ઉત્તરે, અને રાણીના સ્ટેસનની પૂર્વે, ચિતોડની પશ્ચિમે અને ભીલવાડાની દક્ષિણે છે. આજુબાજુ ફરતા ડુંગરો આવેલા છે, તેની તળેટીમાં એ જગા બાંધેલી છે. ઘણું કરીને તમામ મકાનો પથ્થરનાં બાંધેલાં છે. અને છાપરાની જગોએ ધાબાં અથવા અગાશી હોય છે, મકાનની બાંધણી બેઠા ઘાટની છે, ત્યાંનું બજાર ઘણું નાનું છે, અને બજારના રસ્તા પણ સાંકડા છે. ઠામ ઠામ બગીચા, કુંડ, કૂવા, વાવ તથા તળાવ જોવામાં આવે છે. કૂવાનું પાણી સાત આઠ હાથ નીચાણમાં હોય છે. ગામમાં ઘણા ખરા લોક વૈષ્ણવ ધર્મ પાળનારા છે, કેટલાક મુસલમાન, વોહોરા, તથા મેમણ વેપારને માટે ત્યાં રહે છે, પણ બધા શ્રી નાથજીને સોગન વિગેરેમાં મૂખ્ય માને છે. આ ઠેકાણે હિંદુ અને મુસલમાનને ઝઘડા થાય એવું બીલકુલ નથી.

શ્રી નાથદ્વારે જવાના હાલમાં ત્રણ રસ્તા ગણાય છે (૧) ભીલવાડાથી (૨) રાણીના સ્ટેસનથી (૩) ચિતોડ

થઈને એવી રીતે ત્રણ માર્ગ છે, તે પૈકી સૌથી મોટો, સાધારણ, અને ધોરી રસ્તો ભીલવાડાનો છે. ત્યાં અજમેર થઈને જવાય છે.

અમદાવાદથી ભીલવાડા આગ ગાડીને રસ્તે ૩૭૭ ગાઉલ થાય છે. મેલ ટ્રેનમાં જવું હોય તો આબુરોડ સુધી ઇંટરમીજીઆટ[1] ગાડીના રૂ ૧-૧૩-૩ બેસે છે, અને આબુરોડથી ભીલવાડા સુધી ત્રીજા વર્ગની ગાડીના રૂ ૨-૧૩-૯ બેસે છે. અને અજમેરમાં ચાર કલાક ખોટી થવું પડે છે, તે સુદ્ધાંત અમદાવાદથી ભીલવાડે પહોંચતાં ૨૪ કલાક લાગે છે. મીક્સટ્રેનમાં ૨૮।। કલાક લાગે છે અને તેના ભાડાના રૂ ૪-૮-૯ બેસે છે, તે અજમેરથી બપોરના બે વાગે ઉપડી સાંજના સાત વાગે ભીલવાડે પહોંચે છે.

અજમેર—ભીલવાડે જતાં અજમેર વચ્ચે આવે છે, અને ત્યાં ચાર કલાક ખોટી થવું પડે છે કારણ કે ત્યાંથી ગાડી બદલવી પડે છે અને અજમેરથી જે ટ્રેન આવે છે તેમાં બેઠેલા માણસોને દિલ્હી, આગ્રા, મથુરા, એ તરફ જવું હોય તો ગાડી બદલવી પડતી નથી.

બાંધણી—અજમેર એ જૂનું અને સારી બાંધણીનું શહેર છે એ પૃથુરાજ ચૌહાણની અસલની રાજધાની હતી, હાલમાં તે અંગ્રેજ સરકારને તાબે છે. અજમેરનું ટેસન ઘણું મોટું છે, અને તેમાં રજપૂતાના માળવા રેલવેનું મૂખ્ય મથક હોવાથી સ્ટેસન નજીક ઘણી ધર્મશાળા તથા ઊતારાનાં મકાનો છે ધર્મશાળાને સરાઇ કે નોરા કહે છે. બે ત્રણ કલાક ત્યાં થોભવું હોય તો સ્ટેસનની વચ્ચે મોટી જગ્યા છે ત્યાં રહેવું એ સારૂં છે સ્ટેસનના

---

[1] ઇંટર મીજીઆટ એટલે વચલા વાંધાંની.

પોરટરોને આપવાનું પહેલેથીજ નક્કી કરવું જોઈએ કારણ કે પાછળથી ઘણા પૈસા માગે છે.

સ્ટેસનથી થોડે છેટે એક ભાટીઆની ધર્મશાળા છે, એ ધર્મશાળામાં જૂદી જૂદી કોટડીઓ છે. તેમાં સામાન મૂકવાને વાસ્તે અભરાઈ[1] તથા તકાની સારી ગોઠવણ કરેલી છે. આ ઠેકાણે વાસણ અને ગોદડાં પણ ધર્મશાળાની સંભાળ લેનાર માણસને કહેવાથી મળી શકે છે. પણ તે છૂટથી અપાતાં નથી આ ધર્મશાળાની બાંધણી પથ્થરની છે, ધર્મશાળાને લગતી એક મોદીની દૂકાન છે. ત્યાંથી વાસણ પણ સીધા સાથે કે ભાડે મળી શકે છે. રાંધવાની સવડ ન હોય તેને વાસ્તે સિદ્ધપૂરના એક ઉદીચ્ય બ્રહ્મણની વીશી છે. તે, ધર્મશાળાથી થોડે છેટે ધર્મશાળાની સામે છે. વીશી વાળાને ઓછામાં ઓછા ત્રણ આના એક ટંકના આપવા પડે છે, પણ રસોઈમાં માલ સારો વાપરે છે.

જોવા લાયક જગાઓ—અજમેરમાં તારાગઢ, મેયોકોલેજ એટલે રજવાડાના કુંવરોને ભણવાની શાળા, ખાજાપીરનો રોજો અને આનાસાગર તળાવ એ જોવા લાયક જગા છે, ખાજાપીરનો રોજો શહેરમાં છે, અને બાકીની બધી જગાઓ શહેર બહાર બે ત્રણ માઈલને છેટે છે. અને અઢાઇ દીનકી ઝુંપડીનું કોતર કામ ઘણું વખાણવા લાયક છે.

ખાજાપીરને રોજે જવું હોય તો આખા શહેરમાં થઈને જવાય છે, એ રોજાનું મકાન ઘણું વિશાળ; ઉંચુ ને ઉમદી બનાવટનું છે. મૂજાવર[2] હોય તે આપણી સાથે

---

૧ અભરાઇ એટલે ભીંતોએ સર સામાન મુકવાને માટે પાટીઆં ચોઢેલાં હોય છે તે. ૨ મૂજાવર એટલે પૂજારી.

રહીને રોજાનો તમામ ભાગ બતાવે છે. સૌથી વધારે જોવા લાયક બે મોટા દેગ છે તે પૈકી એકમાં એકી વખતે ૧૨૦ મણ અને બીજામાં ૮૦ મણ ચોખા ચડે છે. તવંગર મુસલમાન રાજા કે નવાબ કોઇ વખત ત્યાં આવે છે ત્યારે એટલા બધા ચોખા તેમાં રાંધીને ફકીરોને ખવાવે છે, રોજાના મકાનને રૂપાનાં કમાડ છે અને રોજાને ફરતો કઠેરો પણ રૂપાનો છે, તે સિવાય છત સોનાથી રસેલી અને બીજો રંગીત છે. તેમજ કેટલોક ભાગ સારા શોભાયમાન રંગથી રંગેલો છે, રોજાના મુજાવરો વારેવારે અમુક અમુક જગા બતાવીને સલામ કરાવે છે, તથા હાથ મૂકાવે છે. અને દરેક ફેરે તેની શ્રદ્ધા પૂછી ઓછામાં ઓછો એક પૈસો પણ મૂકાવવાને ચૂકતા નથી. મતલબ કે હિંદુના દેવાલયમાં બ્રાહ્મણ વિગેરે માગનારા પાછળ પડે છે તેમ અહીં પણ મુજાવર વિગેરે માગનારા પાછળ પડે છે.

અજમેરના રસ્તા મોટા ને પથ્થરની બાંધણીના છે શેહેરમાં જોઇએ તેવી ઊજવળતા જણાતી નથી, શેહેરને અને સ્ટેશનને લગભગ અર્ધા માઇલનું છેટું છે, શેહેરની બહાર સ્ટેશન નજીકનાં મકાનો ઘણાં છુટાં છુટાં અને શોભિતાં છે. તમામ મકાનો પથ્થરની બાંધણીનાં અને ધાબાવાળાં છે અને આખું શેહેર ડુંગરની તળેટીમાં વસેલું છે.

અજમેરથી વૈષ્ણવ લોકો શ્રી પુષ્કરજી જાય છે, કારણ કે તે હિંદુ લોકનું એક મોટું તીર્થ ગણાય છે.

अनुष्टुपछंद.

पूष्कराद्यानि तिर्थानि गंगादि सरितां तथा
आगच्छन्तु पवित्राणि स्नान काले सदा मम

પુષ્કર—સૌથી મોટું જુનું અને પ્રથમનું તીર્થ ગ-
ણાય છે.

અજમેરથી ઠેઠ પૂષ્કરજી સુધી સાત માઇલની સડક
બાંધેલી છે અને તેના ઉપર હમેશા મરામત ચાલતી ર-
હે છે, એ સડક ડુંગરોની વચ્ચે છે તેથી ડુંગરોની ચઢ
ઊતર કર્યા વગર ત્યાં જવાતું નથી પૂષ્કરજી જવા સારૂ
ભાડાના એકા તૈયાર મળે છે. એક એકામાં ત્રણ માણસ
બેસારવામાં આવે છે, તેનુ એક વખતનું ભાડું પાંચથી છ
આના એટલે માણસ દીઠ લગભગ બે આના થાય છે અને
દોઢ કલાકમાં પહોચાડે છે.

આખે રસ્તે માઈલ પોસ્ટ ચોઢેલા છે ડુંગર ચઢતાં
કે ઉતરતાં ત્રીજાથી ચોથા માઇલ સુધીનો ઢોળાવ ઘણો
હોવાને લીધે એક માઇલ ચાલવું પડે છે કદાચ કોઈ ન-
બળું કે માંદુ માણસ હોય તો તેને તેમાં બેશી રહેવા દે
છે પણ તેને વાસ્તે પ્રથમથી બંદોબસ્ત કરવાની જરૂર છે.
પાંચ છ વરસ સુધીના છોકરાને તો બેશી રહેવા દેછેજ.

મંદીરો—પૂષ્કરજીમાં તિર્થની જગા એક કુંડ છે.
અને તેને ફરતા ઘાટ બાંધેલા છે તે ઉપર મંદીરો લગ-
ભગ ત્રણસેં છે અને એજ દિવસે પાછું આવવું હોય તેને
બધાં મંદીરોમાં જવાનો અવકાશ મળતો નથી માટે મૂ-
ખ્ય મંદીરો ઇંદ્ર, ચંદ્ર, અને બ્રહ્માજીનાં છે તે અવશ્ય
જોવાં જોઇએ. બ્રહ્માજીનું મંદીર ઘણું ઉચું બાંધેલું છે તેમ
ઘણું મોટું ને સારૂં છે.

પૂષ્કરજીના કુંડ ઉપર ત્યાંના પુષ્કરણા બ્રાહ્મણો પો-
તાના ચોપડા લઇને આવે છે અને પેહેલાં આવી ગયેલા
યજમાનોનાં નામ વાંચે છે તેમાંથી જેના ચોપડામાં તેના

પીતરાઈનાં નામ નીકળે છે તેનો તે ગોર ગણાય છે. નામ ન નીકળે તો સાથે આવનાર બ્રાહ્મણ ગોર ગણાય છે. અજમેરથીજ એવા બ્રહ્મણો લાગુ થઈ સાથે આવે છે. એ ગોર તીર્થે સ્નાન તથા શ્રાદ્ધ વિગેરેની ક્રિયા કરાવે છે તેના બદલામાં યજમાનની શ્રદ્ધા પ્રમાણે રૂપીઆ ઉપરાન્ત દાન કરાવે છે; બાદ તે દર્શનની જગાઓ બતાવે છે. કોઈને એકાદ બે દિવસ રહેવું હોય તો પોતાના મૂકામમાં ઉતારો આપે છે.

બાંધણી—પૂષ્કર એ એક સારો બાંધેલો કસ્બો છે, તેના રસ્તા મોટા છે, અને બજાર પણ સારૂં છે, બજારમાં જોઈતી ચીજો મળી શકે છે, કંદોઈની દૂકાનો ઘણી છે, તેથી માવો, મલાઇ, દૂધ, દહીં, વિગેરે જે જોઇએ તે મળી શકે છે.

પૂષ્કરજીથી પાછું અજમેર આવવું પડે છે. આવતી વખત પણ એક્કા મળે છે. તે દોઢ કલાકમાં પોહોચાડે છે પણ વચમાં ઉતરવું પડે છે રસ્તામાં અજમેર નજીક અનાસાગર તળાવ આવે છે તે મોટું ને કેટલીક તરફથી બાંધેલું છે. આખે રસ્તે કૂવા તથા વાવમાંથી જોઇતું પાણી મળી શકે છે.

પૂષ્કરજીથી પાછા આવ્યા પછી કેટલાક શ્રી મથુરાજી તરફ અને કેટલાક શ્રીનાથદ્વારે જવા સારૂ ભીલવાડે જાય છે ભીલવાડાની એક ગાડી પરોઢના ચાર વાગે અને બીજી બપોરના બે વાગે ઉપડે છે.

ભીલવાડા—એ એક સારી બાંધણીનું શેહેર છે સ્ટેસનથી શેહેર અર્ધો માઇલ દૂર છે. શેહેરનાં મકાનો પત્થરનાં બાંધેલાં છે, બજાર તથા રસ્તા મોટા છે, દૂકાનો પણ

હારબંધ છે અને તે વળી માલના જથાગાર છે. એ શેહેર ઉદેપૂરના તાબાનું છે તેના રસ્તાની સફાઇ ઠીક રહે છે એમાં ચત્રુભૂજ, બદ્રિનાથ, વિગેરે દેવોનાં મંદીર સારા પત્થરનાં બાંધેલાં છે ચત્રુભૂજનું મંદીર શેહેરના મદ્ધ ભાગમાં છે. અહીં પણ શાગળાજીની માફક બે મોટા હાથી જીવતા હાથીના કદના મોખરામાં બેસારેલા છે અને મંડપમાં પીતળના ગરૂડજી બેસારેલા છે. જૈન ધર્મનું પ્રબળ વધારે નથી, ઘણે ભાગ વૈષ્ણવ ધર્મનો છે.

કારીગીરીમાં સૌથી શ્રેષ્ટ કામ પીતળના વાસણ ઉપર પાકી કલાઇ ચઢાવવાનું. જૂદા જૂદા ઘાટનાં વાસણો પણ મળે છે. કલાઇ ચઢાવેલાં વાસણો રૂપા જેવાં દેખાય છે અને તે કલાઇ પાંચ સાત વરસ ટકી રહે છે એવાં વાસણો સ્ટેસન ઉપર વેચાવવા આવે છે. વાસણની કિમ્મત તોલ ઉપર થતી નથી ઉચડ લેવામાં આવે છે; એ વાસણના વેહેપારીઓ માલ આપવામાં ગરબડ કરતા માલૂમ પડે છે.

ભીલવાડામાં એક તાર ઓફીસ સાથેની પોષ્ટઓફીસ શેહેરમાં પેસતા પેહેલાં આવે છે તેની નજીક એક દવાખાનું તથા દેશી અને ઇંગ્રેજી અભ્યાસ કરવાની ભેગી નિશાળ છે. તેનાં મકાનોની બાંધણી સારી પત્થરની અને ઘાબાવાળી છે. દેશી ભાષા દેવનગરી લિપીમાં શીખવાય છે. ઇંગ્રેજી સ્કુલની હાલત મધ્યમ છે અને બધી નિશાળોમાં ધોરણ પ્રમાણે અભ્યાસ ચાલે છે. ઉદેરપૂર સ્વસ્થાનનો એક ઇન્સ્પેક્ટર દર વર્ષે ત્યાં પરિક્ષા લેવા આવે છે. શિક્ષકો જોઇએ તેવા ટ્રેન થયેલા નથી તેમજ તેમના પગાર પણ ટુંકા છે.

ભીલવાડામાં સ્ટેસનની નજીક વૈષ્ણવ લોકોને ઉતરવા સારૂ એક ધર્મશાળા મુંબાઇના શેઠ મુલજી જેઠા તરફ-

થી બંધાવેલી છે. તેમાં એક મેહેતો રહે છે. તે વૈષ્ણવ લોકોને જોઇતી માહીતિ તથા મદદ આપે છે અને ગાડીભાડા વિગેરેનો બંદોબસ્ત કરી આપે છે. તમામ બેલ ગાડી તથા ઉંટ વિગેરે એ ધર્મશાળામાંજ છૂટે છે તેથી કોઇને ભાડું સોધવાની મેહેનત પડતી નથી. જરૂર પડે તો વાસણને ગોદડાં પણ આપવામાં આવે છે.

ભીલવાડામાં ચિતોડી કે ઉદેપૂરી નાણું ચાલે છે તેને

કાચા રૂપીઆ પણ કહે છે. એ શીકાના રૂપીઆ સીક્કાઈ જેવા ગોળ હોય છે, તેનો વટાવ શેંકડે પચીસનો કલદાર થી હોય છે એટલે કે એક કલદારનો સવા રૂપીઓ ચીતોડી આવે છે. ચીતોડી પૈસા પણ જૂદા છે તે શીકાઇ રૂપીઆ જેવા ગોળ ને ત્રાંબાના હોય છે. એક કલદાર રૂપીઆના બોતેરથી ચુમોતેર સૂધી ચીતોડી મળે છે. એક પૈસાના પાંચ ઢીંગલા આવે છે તે પણ ત્રાંબાના હોય છે.

ભીલવાડેથી શ્રીનાથદ્વારે જવાનાં ગાડાં, છકડા જેવાં હોય છે. અહીંથી શ્રીનાથદ્વારા ત્રીસ કોસ ગણાય છે અને ચોથે દહાડે ત્યાં પહોંચાડે છે.

ભીલવાડેથી શ્રી નાથજીનો રસ્તો સડક જેવો છે તોપણ બધો રસ્તો ડુંગરાઉ હોવાને લીધે રસ્તામાં પત્થર તથા પાણીના વહેળા વારંવાર આવે છે તેથી કેટલીક વખત બેસનાર માણસોને ચાલવું પડે છે; ઘણું કરી પાછલી રાતના ત્રણ વાગે હમેશાં ગાડાં જોડાય છે. રસ્તામાં કોઇ જાતનો ભય નથી. તોપણ ભીલવાડાનો મહેતો સિપાઇ રાખવાનું કહે છે પણ જેની ખૂશી હોય તે માણસ સિપાઇને સાથે લેઇ જાય છે બે કે ત્રણ, જેટલી ગાડીઓ હોય તે તમામ ગાડીનાં માણસો મળી સિપાઈના લવાજમના

રુપિઆ ત્રણ કલદાર મુકવી આપે છે રૂપીઓ એક પ્રથમ-થી લેવાગાં આવે છે, બાકીના બે રૂપીઆ શ્રી નાથદ્વારે પહોંચેથી આપવા પડે છે. એ માણસ ગાડીવાળાને ઉપ-યોગી થઈ પડે છે. કોઇનું પોટલું કે કાંઇ બીજું રસ્તામાં પડી જાય તો તેની સંભાળ રાખે છે. અને કોઇ માણસ કે છોકરૂં ગાડીમાંથી ઉતરે તો તેની સાથે પણ રહે છે. જેની ખૂશી સિપાઇ લેવાની હોતી નથી તે સિપાઇ લીધા-વિના જાય છે તેને કોઇ રીતની હરકત પડતી નથી. ગાડા-ના ભાડાનો ઓછામાં ઓછો એક રૂપીઓ અને વધારેમાં વધારે રૂપીઆ બે માથા દીઠ પડે છે,

શિવાય શ્રી નાથદ્વારે જતાં ત્યાં પહોંચતાં સુધી ત્રણ ચોકીઓ રાત્રે મૂકામ થાય છે ત્યાં અને ચાર ચોકીઓ દ-હાડાના વખતમાં પંદર ગાઉ પહોચ્યા પછી ચૂકવવી પડે છે. ચોકીના દર ગાડી દીઠ સાત ભીલવાડી પૈસા આપવા પડે છે કલદાર પૈસા લેવામાં આવતા નથી માટે ભીલવા-ડેથીજ બે રૂપીઆના પૈસા વટાવી લેવા જોઇએ.

ભીલવાડેથી નિકળ્યા પછી ત્રણ કોસ ઉપર પુર ના-મે ગામ આવે છે તેનાં તમામ મકાનો પથ્થરથી બાંધેલાં માલૂમ પડે છે અને ગામ પણ મોટું છે પણ તેમાં જવાની જરૂર પડતી નથી. રસ્તામાં અબરખ તથા આરસના પથ્થ-રા ઘણા હોય છે. પૂર છોડયા પછી બે ત્રણ કોસ ઉપર ગુ-લ્લી નામનું ગામ આવે છે.

ગુલ્લી—માં એક મોટું તળાવ છે તેની બાજુએ તુ-ટેલા દરવાજા છે તેથી માલમ પડે છે કે આગળના વખ-તમાં તેની સ્થીતી સારી હશે. મોટું થઇ ગયું હોય તો એ-

જ ગામમાં મૂકામ કરવો પડે છે તેને વાસ્ને લોકોના મ-
કાન રાતવાસો રહેવાને મળે છે પણ તે જોઇએ તેવાં મ-
ળતાં નથી. અહીં વાણીઆની દૂકાન છે પણ જોઇતી ચીજ
મળી શકતી નથી. ઉતારા બદલ માણસ દીઠ એક પૈ-
સો આપવો પડે છે આખા ગામમાં અહીં તહિં પથરા
પડેલા છે. તેથી ગાડીમાંથી ઉતરીને ચાલવું પડે છે ગુ-
લ્લી છોડયા પછી ત્રણ કોસને છેટે એટલે ભીલવાડેથી આઠ
ગાઉને છેટે બામણી ગામ આવે છે.

બામણી—આ ગામ ગુલ્લી કરતાં મોટું છે તેમાં ઉ-
તરવાને માટે વિશાળ જગા ભાડે મળી શકે છે. અહીં એ-
ક વાવ છે. તેમજ કૂવા પણ ઘણા છે પણ તે ગામની બ-
હાર જરા છેટે છે. કૂવાનું પાણી દસ બાર હાથ નીચું હો-
ય છે. બામણીમાં પણ ઊતારા બદલ માણસ દીઠ એક પૈ-
સો આપવો પડે છે. બામણી છોડયા પછી સાત કોસ ઉ-
પર પોઢલાપૂર નામે મોટું ગામ આવે છે અને વચમાં કે-
ટલાંક નાનાં ગામ પણ આવેલાં છે.

પોઢલાપુર—એ ગામ મોટું છે ત્યાં ઉતરવાને માટે
એક મંદીર છે. મંદીરને લગતો એક કૂવો છે. સિવાય ગા-
મ બહાર વાવ તથા કાંસ પણ છે અને બીજી બાજુ ત-
રફ એક નદી ગામની ભાગોળમાંજ છે. નદીનું નામ ચંદ્રભા-
ગા છે. આ ગામમાં એક નિશાળ છે તેમાં ધોરણ પ્રમાણે
અભ્યાસ ચાલે છે. નિશાળનું મકાન સારૂં ને પથ્થરથી બાં-
ધેલું છે તેમાં ગેલેરી પણ છે તથા નિશાળને લગતો બ-
ગીચો પણ છે. રૂ ૧૮) ના પગારનો મૂખ્ય મહેતાજીને રૂ.
૧૦) ના પગારનો પહેલો આસીસ્ટંટ છે. એમનો પગાર
ઉદેપુરના મહારાણા તરફથી મળે છે ને દર વરસે એકઇ-

સ્પેક્ટર નિશાળ તપાસવા આવે છે ઉદેપુર જીલ્લામાં ૪૦ નિશાળો છે તે જોતાં અહીં પણ કેળવણી ખાતુ વિસારે પડેલું નથી એ ખુશી થવા જેવું છે. નિશાળમાં દેવ નગરી લિપીનાં પૂસ્તકો ચાલે છે તેની ભાષા હીંદુસ્તાની છે પોઢલાપુર મૂકયા પછી બે કોસ ઉપર ખંડી આવે છે.

खंडी--માં પણ ઊતરવાની જગા મળી શકે છે તેમજ જોઇતી ચીજો મળી શકે છે. ગામ બહુ મોટુ નથી. અહીંના કૂવા જરા વધારે ઊંડા હોય છે. અહીં પણ ઊતારા બદલ માણસ દીઠ એક પૈસો (ભીલવાડી) આપવો પડે છે. લોકો બીન ગરજી હોય છે. ખંડી છોડયા પછી ત્રણ કેસ ઊપર લાખોરી આવે છે.

लाखोरी—આ ગામ ઘણું મોટું ને પથ્થરથી બાંધેલુ છે. અહીંની ઇમારતોની બારીઓ ઘણી નાની હોય છે. કેટલાંક મકાનો મેડાવાળા છે અને ઘણું કરીને તમામ મકાનો હારબંધ છે તથા વચ્ચેના રસ્તા પણ પહોળા છે. મકાનની બારીઓ એકેક દોઢ હાથ લાંબી ચોડી હોય છે તેથી જરાતના લોકને નવાઇ લાગે છે. લાખોરીથી અરધા માઇલને છેટે એક ઘણું મોટું સરોવર આવે છે તે સરોવરની એક બાજુએ ચૂના તથા પથ્થરથી પાકી પાળ બાંધેલી છે અને તેના ઊપર હમેશાં ઊદેપૂરના મહારાણા તરફથી મરામત થતી રહે છે. એ સરોવરની એક બાજુએ નીચાણમાં ભેજવાળી જમીન તેમાં બાવળનાં ઝાડ ઘણાં થાય છે. વળી અહીં કપાસની ખેતી પણ સારી થાય છે. લાખોરી છોડયા પછી કુંવારી ગામ બે કોમ ઊપર આવે છે તેની બંને ભાગોળે ચોકી લેવાય છે. કુંવારી ગામ

મોટું છે પણ તેમાં ઊતરવાની જરૂર રહેતી નથી કારણ કે ત્રીજો તૂફાન મોડા વહેલો પણ કાંકરોળીનો થાય છે.

કાંકરોળી--આ ગામની ઘણી ખરી વસ્તી ડુંગરની નીચે છે પણ ત્યાંનું મંદીર ડુંગર ઊપર બાંધેલું છે તે ઊપર ચઢવાને પથ્થરનાં પગથીઆં ઠેઠ સુધી છે. મંદીરે જવાના રસ્તા ઊપર દૂકાનો છે. મંદીરની જગા બહુ ઉંચી નથી કાંકરોળીમાં સૌથી મોટું મંદીર શ્રી દ્વારકાંનાથજીનું છે. કારણ કે શ્રી દ્વારકાંનાથજીની મૂળ ગાદી આ ઠેકાણે છે મંદીરની બાંધણી પથ્થરની છે તથા ચોકમાં આરસ પથ્થર છે. બીજા મંદીરો શ્રી દ્વારકાંનાથજીના પેટામાંજ આવેલાં છે તેમાં એક શ્રી દાઉદજીનું મંદીર અને બીજુ શ્રી મથુરાંનાથજીનું મંદીર છે. એ મંદીરના માલીક ગોસ્વામીજી શ્રી બાળકૃષ્ણજી મહારાજ ત્યાંજ રહે છે. મંદીરના ખરચ સારૂ બાર ગામની ઊપજ આવે છે તેમાંથી ખરચ ચાલે છે. સિવાય વૈષ્ણવો જે શ્રી નાથદ્વારાએ જઇને આવે તેમની પાસેથી ભેટ લેવાય છે તે ભેટ શ્રી નાથદ્વારા કરતાં ઘણી ઓછી છે. સાત ગાદીના ગોસ્વામીઓમાં શ્રી દ્વારકાંનાથજીની ગાદી મોટી ગણાય છે. ને તે ગાદીના શેવકો પણ બીજી ગાદીઓ કરતાં વધારે છે તેથી શ્રી નાથજી જઇ આવેલા શેવકોની ગાડીઓને કાંકરોળીની ચીઠ્ઠી લીધા વગર ગાડીવાળા ત્યાંથી આગળ લેઇ જતા નથી. રૈ--ણીના સ્ટેસનથી જનારાને પણ કાંકરોળી આવવું પડે છે. અહીંની ભેટ ગાડીમાં જે આગેવાન હોય તેજ વૈષ્ણવ પાસેથી કે બીજા જેની ખુશી હોય તેની પાસેથી લેવાય છે

*ઓઢવાના ખેસ જેવું પાતળુ રંગેલું કપડું આપવામાં આવે છે. તેને ઉપરણો કહે છે.

મણું કરીને રૂ. ૫) એ સાધારણ ભેટ છે. અહીંથી જવાને માટે વધારે રોકાવટ થતી નથી પણ જે વખતે જાય તે- જ વખતે તેની ભેટ નક્કી કરી તેને રજા ચીઠ્ઠી મહા પ્ર- સાદ, તથા ઊપરણો* આપવામાં આવે છે.

સરોવર—રાય સાગર નામે એક ગંજાવર સરોવર એક કાંકરોલીમાં છે તેમાં પુષ્કળ પાણી રહે છે. મંદીરની લગોલગ એ સરોવર છે. એની ચારે બાજુએ પથ્થરની પા- ળ બાંધેલી છે તથા મંદીર નજીક આરસ વિગેરે પથ્થરના ઘાટ બાંધેલા છે. એ તળાવ ડુંગરની ઉપરજ છે. એ સરો- વરમાં માછલાં પુષ્કળ છે તેગજ મગર પણ ઘણા છે. ઓવારાના પગથીઆં લીસાં છે માટે સંભાળીને પગ મૂકવો જોઇએ. કેટલીક વખતે માણસો માંહે લપસી પડે છે માટે લીલવાળા પથરા હોય ત્યાં જતાં સંભાળ રાખવી જોઇએ.

મહાપ્રસાદ—બજારમાં વેચાતો મળી શકે છે તે- મજ મંદીરમાંથી પણ મળી શકે છે મંદીરના નોકરોને વાં- ટ[1] (હીસ્સો) મળે છે તે. બજારમાં વેચાય છે. સખડીની[2] પાતળ લેવી હોય તો મંદીરમાંજ ગોઠવણ કરવી જોઇએ.

ધર્મશાળા—વધારે દિવસ રહેવાનું હોયતો ગામના લોકો પોતાની ઓરડીઓ ભાડે આપે છે પણ થોડો વખ- ત રહેનારને માટે દરવાજા બહાર ધર્મશાળા છે તેમાંજ મુકામ રાખવો એ સારૂં છે કારણ કે સહવારના પાંચ વા-

---

૧ સાંજે મંદીરના નોકરોને જે જમવાનું આપવામાં આવે છે તેને વાંટ કહે છે. ૨ અને જે બપોરે (દાળ, ભાત, કઢી, વિગેરે સાથે) જે પત્રાળી આપવામાં આવે છે તેને સખડીની પાતળ કહે છે—

ગતા પહેલાં ગામનો દરવાજો ઉઘડતો નથી. તેથી ગાંહે રહેવાથી વહેલા નિકળવાનું બની શકતું નથી. ધર્મશાળાગાં ઉતરવાની સોઈ જોઇએ તેવી નથી. માત્ર બે ત્રણ ઓરડીઓ છે માટે કોઇ સખી વૈષ્ણુ અહીં એક ધર્મશાળાની ખોટ છે તે પૂરી પાડવાનું લક્ષમાં લેશે તો તેથી મોટા પરોપકારનું કામ થએલું ગણાશે.

કાંકરોલીથી શ્રીનાથદ્વારા પાંચ ગાઉ થાય છે અને ત્યાં પહોંચતાં ઘણું કરીને પાંચ કલાક લાગે છે. પાછલી રાતના ત્રણ વાગે નીકળેલાં ગાડાં વખતસર પહોંચે છે તેથી એ વખતે જનારા વૈષ્ણવોને શ્રીનાથજીનાં દર્શન કરવાનું બની આવે છે.

બીજો રસ્તો—શ્રીનાથદ્વારે જવાનો બીજો રસ્તો રાણીના સ્ટેશનથી જવાનો છે તે અમદાવાદથી ૧૮૬ માઈલ થાય છે તેનું ભાડું આબુરોડથી ૩૦–૧૨–૦ બેસે છે. મેલટ્રેનમાં અમદાવાદથી દસ કલાકમાં ત્યાં પહોચાય છે. મીકસમાં અમદાવાદથી રાણીગામ પહોંચતાં ૩ કલાક વધારે લાગે છે. રાણીગામ સીરોહીના તાબાનું છે ત્યાંથી શ્રીનાથદ્વારા ૨૭ કોશ થાય છે. ગાડી ભાડું ભીલવાડા કરતાં કેટલીક વખત ઓછા પૈસામાં થાય છે પણ જોઇએ તેટલા ગાડાં મળી શકતાં નથી. એટલુંજ નહીં પણ રસ્તો વિકટ છે એટલેકે નાળમાં થઇને જવું પડે છે એ રસ્તે પણ લૂટ ચોરીનો ભય હાલમાં નથી. ગાડા શિવાય ઉંટ ઘોડાને પોઠી પણ મળી શકે છે. છડા માણસોને અને થોડા બોજ સાથે રસ્તે જવું હોય તો ઠીક પડે છે. આગગાડીના ભાડામાં પણ ભીલવાડા કરતાં બચાવ થાય છે.

ત્રીજો રસ્તો—ચિતોડગઢ થઇને જવાનો છે તે

અમદાવાદથી ૪૧૧ માઇલ છે; મેલટ્રેનમાં ત્યાં પહોચતાં ૨૯ાા કલાક થાય છે; અને આબુરોડથી થર્ડ ક્લાસની ગાડીનું ભાડું ૨૩-૩-૦ થાય છે. મીક્સ કે લોકલ ટ્રેનમાં ૩૧ાા કલાક થાય છે. ચિતોડનો ગઢ જોવા લાયક છે, એ શેહેર ઘણું જુનું છે. ચિતોડથી ઉદેપૂર થઇને શ્રીનાથદ્વારે જવાય છે, ચિતોડથી ઉદેપૂર સુધી ઘોડાના એક્કા મળે છે. અને ત્યાં જવાને વાસ્તે સડક બાંધેલી છે તે ઘણી સારી છે. ચિતોડથી ઉદેપૂર ૧૫ માઇલ થાય છે એટલે ત્રણચાર કલાકમાં ત્યાં પહોચાય છે. એક્કાનું ભાડું માણસ દીઠ લગભગ બાર આના થાય છે. વળી નીમબેર કે ચિતોડથી ૧૮ માઇલ અને ભાડાના ત્રણ આના વધારે આપવા પડે છે ત્યાંથી ઉદેપૂર નજીક પડે છે.

उदेपूर—એ મોટું રાજ્ય છે, અને ત્યાંથી શ્રીનાથદ્વારે જવાને પાકી સડક છે, તેથી થોડા વખતમાં અને સહેલથી ત્યાં પહોચાય છે. ઉદેપૂર થઇને જવાથી એકલીંગજી મહાદેવના દર્શનનો લાભ થાય છે. તે ઉદેપુરથી ૧૮ માઇલ થાય છે. એકલીંગજીથી શ્રીનાથદ્વારા ૧૨ માઇલ થાય છે. આખે રસ્તે માઇલ પોસ્ટ ચોડેલા છે. અને પર બારોબાર શ્રીનાથદ્વારાંએ જઇએ તો ૨૧ માઇલ થાય છે.

एकलींगजी—એ નાગના મહાદેવની જગ્યા ઘણી સુંદીર અને પહાડોની વચ્ચમાં આવેલી છે, તેથી રમણિય દેખાય છે. અહીંનો ઠાઠ શ્રીનાથદ્વારાને મળતો છે, અને એ મહાદેવના ખર્ચ સારૂ ૧૨ (બાર) ગામની ઉપજ આવે છે, તેમાંથી સઘળો ખર્ચ ચાલે છે. એક લીંગજી મહાદેવ સાથે શ્રીનાથજીને એવો નિકટનો

સંબંધ છે કે દરરોજ રાજભોગ વખતે શ્રીનાથદ્વારાના મંદીરમાંથી એકલીંગજી મહાદેવને બૂમ પાડવામાં આવે છે મતલબ કે શિવ, ને વિષ્ણું જુદા નથી માટે શીવ માર્ગી શેવકોએ વિષ્ણુંની, અને શ્રીનાથજીના શેવકોએ મહાદેવની નિંદા ન કરતાં વિચારથી કરીને વર્તવું એ સૌથી સારામાં સારો માર્ગ છે. શ્રીનાથદ્વારેથી એકલીંગજી જવાનું ગાડાભાડું પાંચ રૂપીઆ લેવામાં આવે છે અને ગાડા સારૂ ભંડારથી ચિઠ્ઠી કરાવવી પડે છે.

શ્રીનાથદ્વારે જવાના ઉપર બતાવ્યા પ્રમાણે ત્રણ ધોરી રસ્તા છે. તે સિવાય પિંડવાડા, રોહિડા, વિગેરે સ્ટેશનથી જઇ શકાય પણ સિરોહી કે ઉદેપૂર જે રાજ્યની હદ હોય તેની મદદ વિના જઇ શકાય નહીં. બધે રસ્તે હાલ ત્રીસ ગાઉ પગ રસ્તે જવું પડે છે પણ ચિતોડગઢથી ઉદેપૂર સુધી રેલવે લાઇન બાંધવાને નક્કી થયું છે, તે થાય તો એ રસ્તો ટુંકો ને સારો થાય તેમજ ગોધરાથી. રતલામ સુધીની લાઇન બાંધવા પ્રથમ ઠરાવ થયેલો તે બંધાય તો ગૂજરાતના લોકોને તેમજ મુંબાઇ કે ભૂજ તરફના વૈષ્ણવોને ઘણો ટુંકોને સરતો રસ્તો મળે.

શ્રીનાથદ્વારા એક નાના કસ્બા જેવું છે, અને તે ડુંગરોની ફરતી હારોની વચ્ચે ખીણમાં વસેલું છે, મકાનો પત્થરનાં બાંધેલાં છે, વસ્તી આશરે ૨૦૦૦ ઘરની છે, ત્યાંનું બજાર ઘણું નાનું છે અને દુકાનો પણ નીચી છે તથા રસ્તા પણ સાંકડા છે. ગામના મધ્ય ભાગમાં શ્રીનાથજીનું મંદીર આવેલું છે.

ધર્મશાળા—ગામમાં ઉતરવાને માટે ધર્મશાળાઓ છે તેમજ મંદીરની નજીકના ભાગની કોટડીઓ પણ મળી શકે

છે, સૌથી સારી ધર્મશાળા મુંબાઇના શેઠ જમનાદાસની બંધાવેલી છે, તેમાં ફરતી ઓરડીઓ બાંધેલી છે, તે ઓરડીઓ નાના મોટી છે, પોતાને જેવી જોઇએ તેવી ઓરડીઓ મળી શકે છે. ઓરડીમાં પાણીઆરૂં, રસોડું, અને તાકાં વિગેરે બધી તરેહની સેઇ છે, બનાને વાસ્તે ધર્મશાળાના એક ભાગમાં પાંચ, છ, જાજરૂં છે અને ત્યાં આગળ એક કૂવો છે. એ કૂવા ઉપર ઓરત અને મરદને નાહાવાને વાસ્તે જૂદી જૂદી સોઇ જેવું છે. ઓરડીનું ભાડું લેવામાં આવતુ નથી, પણ દરેક માણસદીઠ ચાર ચાર પૈસા સફાઇને વાસ્તે લેવામાં આવે છે, સારી બરદાસ થયાનાં સરટિફિકેટ પણ લખાવી લે છે. વાસણ તથા ગોદડાંની સોઈ હોય તો પછી કાંઇ વાતની ખામી રહેવા જેવું રહેજ નહીં.

મોદીની દુકાનો પણ ધર્મશાળાના દરવાજા પાસે છે, જોઇતી ચીજો મળી શકે છે, એ ધર્મશાળાથી મંદીર ઘણું પાસે છે. ઇશ્વરે જેને પૈસો આપેલો હોય તેનો પૈસો આવા પરોપકારના કામમાં વપરાય એ ઇશ્વરની પસન્નતાની એક નિશાની છે, હે પરમેશ્વર એવી ધર્મશાળાઓ બંધાવનારાઓનું આયુષ્યં વધારો, અને આવાં રૂડાં કામ કરવાને વધારે શક્તિ આપો--

જાહેર મકાનો—શ્રી નાથદ્વારામાં એક પોષ્ટ ઑફીસ, એક ડિસ્પેન્સરી, એક નિશાળ, એક લાઇબ્રેરી અને એક ટાઈપનું છાપખાનું છે. પોષ્ટ ઑફીસ સિવાયનાં મકાનો ઉઘડવાને નિયમિત વખત હોય એવું જણાતું નથી. ડિસ્પેન્સરી કામ ચલાઉ છે, તો પણ આવે ઠેકાણે આવાં જાહેર મકાનો હોય એ ખુશી થવા જેવું છે.

કચેરીઓ—શ્રી નાથદ્વારામાં પોલીસની, મેજીસ્ટ્રેટની, અને ન્યાયની કોર્ટ પણ છે. તેનો વહિવટ શાન્તીથી ચાલતો દીસે છે.

બાગ--બગીચા-શ્રી નાથદ્વારામાં બાગ બગીચા પૂષ્કળ છે, તે પૈકી લાલબાગ ગામની બહાર એક માઈલને છેટે છે તે ઘણો સુંદીર છે. ગામની અંદર શ્રીનાથજીનો બાગ છે તે પણ ઘણો સારો છે, તેમાં તમામ જાતનાં ફળ, ફુલ, તથા મેવા થાય છે અને તમામ જાતનાં શાક ભાજી પણ થાય છે.

જળાશય—શ્રી નાથદ્વારામાં પાણીની છત પુષ્કળ છે, ગામમાં એક કુંડ છે, કેટલીક વાવ, તથા કૂવા પણ ઠેકાણે ઠેકાણે છે, અને ડુંગર તેમજ નીચાણમાં બીજી ભાગોળે તળાવ પણ છે તેથી નાહાવા ધોવાને વાસ્તે કોઈ તરેહની હરકત છે નહીં. આશરે દોઢેક માઈને છેટે બનાસ નદી જે શ્રીનાથદ્વારાના ડુંગરોમાંથી નીકળે છે તે આવી રહેલી છે, એ નદીને આ ઠેકાણે શંકરી પણ કહે છે. નદીની પાસે વૃંદાવન નામનો બાગ છે, પત્થરની ધરતી હોવાથી રસ્તામાં ધૂળ થતી નથી, તેથી ગાડી ઘોડાને જવાને ઘણું સહેલું પડે છે.

ચિત્ર કામ—શ્રી નાથદ્વારામાં કારીગરીની ચીંજો કૈકી ચિત્ર કામ ઘણું સારૂં થાય છે. અને જે ચિતારા છે તે શ્રીનાથજી તથા તેમની લીલાના ચિત્ર સારાં પાડે છે. એટલુંજ નહીં પણ ગોસ્વામીજી મહારાજોનાં ચિત્ર પણ આબેહૂબ બનાવે છે. શ્રીનાથજીનાં ચિત્ર નાનાં તથા મોટાં, અને જોઈએ તેવા કદનાં, જોઈએ તે સમયનાં અને મનને હરણ કરે તેવાં બનાવે છે. શ્રી નાથજીની છબી એક પૈસા-

ની બે ત્રણ મળે છે, અને સારી છબી હોય તો આઠ દશ આનાની એક એવી મોટી પણ બનાવે છે. મોટી મોટી પછેવડીઓ પણ ચિતરવામાં આવે છે. જાત્રાળુ લોકો એવાં ઘણાં ચિત્ર પોતાને દેશ લઈ જવાને ખરીદ કરે છે, લોકોના મૂકામે પણ વેચવા આવે છે, તેથી ચિતારાનો રોજગાર સારો ચાલે છે.

દાંતનું કામ—દાંતની બંગડીઓ શ્રી નાથદ્વારાની વખાણાય છે, એ બંગડીઓ ઉપર જૂદી જૂદી ભાતની વેલ, બુટ્ટા, તરેહવાર રંગથી કાઢવામાં આપે છે, એ બંગડીઓ ઘણી પાતળી તથા તકલેદી હોયછે તેથી ગૂજરાતના લોકને પસંદ પડે તેમ નથી.

મીનાનું કામ—શ્રી નાથદ્વારામાં મીનાકારી કામ સારૂં થાય છે અને મીનાના પગલાં, ચોકીઓ, પાંદડાં, સોળીઆં, વિગેરે બને છે તેની કિમ્મત તોલે દોઢ રૂપીઆ સુધીની હોય છે.

ગૌશાળા—ત્યાં જે ગાયો છે તે શ્રી નાથજીના મંદીરની છે, તે ઘણી મોટી છે, વૈષ્ણવો તરફથી પરદેશથી કેટલીક ગાઓ દર વર્ષે ભેટ આવે છે, પણ અહીં પહોંચાડવાનો ખર્ચ ટકાની ડોસીને ઢબુગો મૂડામણ જેવું થાય છે.

મંદીરો—શ્રી નાથદ્વારામાં ચાર મંદીરો છે તેમાં એક શ્રી નાથજીનું, બીજું શ્રી નવનીધ લાલજીનું કે જે ગોદના ઠાકોર કહેવાય છે તેમનું છે. ત્રીજું વિઠ્ઠલ નાથજીનું અને ચોથું વનમાળીનું છે. શ્રી નાથજી તથા શ્રી નવનીધ લાલજીનાં મંદીરો એકજ જેવાં, જોડા જોડ અને એકજ હદમાં આવેલા છે. એ બન્ને મંદીરોનો વહીવટ તથા ખર્ચ એકજ ભંડોળમાંથી થાય છે. શ્રી નાથજીનું મંદીર ઘ-

ણું મોટું છે અને તેને લગતા ખૂલ્લા ચોક પત્થરના બાં- ધેલા છે તેમાંના એકનું નામ કમળ ચોક આ ઠેકાણે દર્શ- ન થતા પહેલાં લોકો ભેગા થઇ બેશીને દર્શન ખૂલતા સૂ- ધી ભજનો બોલે બે. બીજો મોતીચોક--આ ઠેકાણે દર્શન થતી વખત લોકો ભેગા થાય છે. મોતી ચોકમાંથી એક જાળીવા- ળી બંધીઆર જગામાં પેસવું પડે છે, તેમાં ઉભા રહીને દર્શન ક- રાય છે. એ દર્શન કરવાની જગા બહુ મોટી નથી. સ્ત્રી તથા પુ- રૂષને દર્શન કરવા સારૂ જૂદા જૂદા ભાગ કઠેરાથી પાડેલા છે. ટુંકી જગા હોવાને લીધે ભીડ ઘણી થાય છે. પણ તે જલદીથી વિખેરી નાખવામાં આવે છે. કારણ કે ત્યાં આ- ગળ બે ઝાપટીઆ ઉભા ને ઉભા રહે છે. સાંભળવા પ્ર- માણે અગાઉના વખતમાં વૈષ્ણવ લોકોને ઝાપટીઆ ઘણું મારતા હતા પણ હાલમાં તેમ નથી, નબળા પોચાને દ- ર્શન કરવાને જરા મૂસ્કેલી પડે છે માટે કેટલાક પાછલે માર્ગે ત્યાંના પોળીઆની પરવાનગીથી અંદરના ઓરડામાં દર્શન કરવા જાય છે. ત્યાં પણ ઘણાં માણસો ભેગાં થાય છે, એટલે કચરા કચરી એક સરખી થાય છે. આ ઠેકા- ણેથી પેસીને, નજીકમાં બેસવાનું છે તેથી વધારે વખત નિહાળીને દર્શન કરવાની તક મળે છે અને ઝાપટીઆની બીક રહેતી નથી.

જણસ દીઠ ઓરડા—શ્રીનાથજીના મંદીરમાં ઓ- રડાઓ ઘણા છે. દરેક ઓરડો જૂદી જૂદી ચીજો રાખવા- વાને વાસ્તે મૂકરર કરેલો છે. ફૂલ ઘર એટલે ફૂલ રાખવા- ની જગ્યા, શાક ઘર એટલે શાક રાખવાની જગ્યા, મેવા રાખવાની જગ્યા, આટો રાખવાની જગ્યા, ચોખા રાખ- વાની જગ્યા, ઘી રાખવાની જગ્યા, મહા પ્રસાદ રાખવાની

જગ્યા, રસોઇની જગ્યા, ખાંડની જગ્યા, ચાસણી કરવાની જગ્યા, એમ જૂદા જૂદા કામને વાસ્તે જૂદી જૂદી જગ્યાઓ નિર્માણ કરેલી છે. તેમજ તે ખાતાનું કામ કરવાને પણ જૂદા જૂદા માણસોને સોંપણી કરેલી છે. તેથી બધું કામ નિયમિત વખતે થઇ શકે છે. અને જેમ રેલવે ઉપર જૂદા જૂદા વખતના ઘંટ વાગે છે તેમ અહીં પણ જેનો જેનો સમય થાય તેને વાસ્તે મૂકરર કરેલા માણસો મોટે સાદે બોલી દરેક વખતની અગાઉથી ખબર આપે છે.

માલીકી—શ્રીનાથદ્વારાના મૂખ્ય માલીક ગોસ્વામી શ્રી ગોવરધન લાલજી મહારાજ છે. પણ ઠાકોરજીની પૂજા કરનાર મૂખ્યો જૂદા છે. ધર્મ ખાતાનું, મંદીરની ઉપજ ખાતાનું, રસોડા ખાતાનું, મહાપ્રસાદના ભંડાર ખાતાનું, લોકોની ભેટ નક્કી કરવાના સમાધાની ખાતાનું, તેમજ ન્યાય ખાતાનું, પોલીસ ખાતાનું, તેમજ માજીસ્ટ્રેટ ખાતાનું, એ બધા ખાતાઓનું કામ કરવાને જૂદા જૂદા માણસો નિમેલા છે. તેથી તમામ કામ નિયમિત રીતે થયા કરે છે, અને કોઇ રીતનો ગરબગાટ માલૂમ પડતો નથી.

દર્શનની પરવાનગી—શ્રીનાથજીના દર્શનને વાસ્તે જે વૈષ્ણવો પ્રથમ જાય છે, તેમનાં નામ, ગામ, જાત, ઠેકાણું, ગોત્ર અને દરેકની સાથે કેટલાં માણસ છે તે વિગેરે હકીકત નોંધી લેવામાં આવે છે અને તેજ દીવસે તેને મંદીરમાંથી કોરો મહા પ્રસાદ પહોંચાડવામાં આવે છે. પ્રથમ દર્શન કરતી વખત દરેક માણસ દીઠ એક નાળિએર અને એક રૂપિઓ મૂકીને શ્રીનાથજીને પગે લાગે છે. પણ દર્શન કરાવવાને રૂપિઓ લેવોજ જોઇએ તેવી ફરજમં-

દી નથી. મતલબ કે દર્શન કરાવતાં કોઇ રીતનો અટકાવ થતો નથી.

ભેટ અને નિકળવાની ચિઠ્ઠી--જે વૈષ્ણુવોને રજા માગી જવું હોય તેમણે બે ત્રણ દિવસ આગમચ ચેતવું જોઇએ, અને સમાધાનીના હોદ્દાના માણસને જાહેર કરવું જોઇએ, સમાધાની ભૂજ તરફના છે. તે ગૂજરાતી કચ્છી, થોડું મરાઠી તેમજ ગીતાજીનું જ્ઞાન ધરાવે છે, સમયને અનુસરતા જવાબ આપવામાં તે કાબેલ છે. તેમજ યોગ્યા યોગ્યની પરિક્ષા કરી શકે તેવા છે, છતાં કેટલીક વખત કોઇના કહેવાથી દોરાય છે. સમાધાનીજી દરેક માણુસને જાતે જુએ છે. અને તે દરેક પાસે તે મંદીરની સેવા ખાતે અમૂક રકમ લેવાનું ઠરાવે છે. ઓછામાં ઓછા એક રૂપિયાથી હજારો રૂપિઆ સૂધીની ભેટ કરાવે છે. સ્ત્રીઓ કરતાં આદમી પાસે વધારે રકમ લેવાનું ઠરાવે છે. પ્રથમ વાર્ષિક ઉપજનો એક દશાંશ ભેટ ખાતે મુકવા બોધ કરે છે અને પછી કેટલી ભેટ મૂકવી છે તે પૂછે છે તેના તરફનો આંકડો બોલાયા પછી તે બહુ ઓછો હોય તો ફરી ફરીને બોલાવે છે અને ઘણું ઓછું આપવા હઠ કરે છે તેની પાસેથી પણ વાર્ષિક ઉપજનો રૂપિએ એક આનો લેવાની બહોંશ થાય છે, અને ઘણું કરીને તેટલું લેવાય છે. જે વૈષ્ણુવો થોડી રકમ લેઇ જાત્રા કરવા સારૂ આવેલા હોય તેમનાં મન નારાજ થાય છે, અને વળી બીજી જાત્રાએ જવા સારૂ જે ખર્ચી લાવેલા હોય તે અહીં ભેટમાંજ પૂરી થવાથી નાઉમેદ થઇ બીજી જાત્રા કર્યા વગર અહીંથીજ પાછા ફરે છે. માટે આ બાબતમાં જો કે ઘણો સુધારો થયો છે, તોપણ વધારે સુધારો થાય તો સારૂં. શ્રદ્ધાથી જે દાન અપાય તેજ ખરો ધર્મ

કહેવાય પણ તાણુ કરીને આપવા લેવાથી બંને પક્ષની અપ-કીર્તિ ગણાય છે. એક ખંભાતના વૈષ્ણવે પ્રગમ દસ રૂપિયા આપવા કહેલા તેને સવાસો રૂપિઆ ઉપરાંત આપવા પડયા!!! આવી રીતનું અશ્રદ્ધાનું દાન આપવા લેવાથી શો શ્રેય થાય તે દરેક સમજુ માણસ વિચારી શકશે. દ્વારકામાં તથા બીજે ઠેકાણે મૂડકા (માથા દીઠ વેરો) લેવાય છે, તેવા મૂક-રર મૂડકાથી જો કે વધારે ખર્ચ થાય છે તો પણ તેથી લોકો નારાજ થતા નથી. અને જાત્રા કરવા જવાથી કેટ-લું ખર્ચ થશે તેનો અડસટ્ટો કરીને નીકળે છે. એટલે તે-ઓ નારાજ થઇ પાછા ફરતા નથી. તેજ પ્રમાણે અહીં પણ સુધારો થાય તો તેથી ઉભય (બને) પક્ષને ફાયદો થ-વાનો સભવ રહે છે. જાત્રાળુની સંખ્યાગમાં વધારો થવાનો અને તેથી ઉપજમાં પણ વધારો થવાનો તેમજ ગરીબ કે તવંગર બધાને જાત્રાએ આવવાની ઉલટ વધવાની તેથી બધાને જાત્રાનો લાભ એક સરખો મળી શકે તેમ છે. હા-લમાં કેટલાકની ખર્ચી ખૂટી પડે છે તેથી કેટલાકને ખર્ચી આવતા સુધી બેસી રહેવું પડે છે તેમ થશે નહીં.

સેવાની ચિઠ્ઠી કરે છે તેનીજ સાથે શ્રી નવનીપ્ર લા-લજીની ભેટ પણ ઠરાવે છે અને ઉપરાણા સારૂ જેને ઉ-પરાણો લેવો હોય તેવા આગેવાન પાસે રૂ ૧) ઉપરાણાની ભેટનો આપવા સારૂ જૂદી રકમ રખાવે છે.

સેવા તથા ઉપરાણાની રકમ નક્કી થયા બાબત એક છાપેલી ચોપડીમાં દાખલો રાખવામાં આવે છે, અને છા-પેલા ફારમ પ્રમાણે આંકડો લખી લેવાય છે. તેમજ તેની એક જૂદી ચિઠ્ઠી વૈષ્ણવોને આપવામાં આવે છે તે લેઈ ભંડારી પાસે જવું પડે છે. તે ભંડારી ચિઠ્ઠીમાં લખ્યા પ્ર-માણેની રકમ વસૂલ કર્યા બાદ પહોંચમાં સહી કરી આપેછે.

ભંડારી લીધેલા રૂપિઆ પોતાના ચોપડામાં જમા કરે છે અને દરેક રૂપિએ એક આના પ્રમાણે સેવકીની રકમ તે લેછે. ભેટના તમામ રૂપિઆ કલદાર લેવામાં આવે છે. પણ સેવકીની રકમ કાચા એટલે ઉદેપૂરી નાણામાં લેવાય છે. બાદ તે રૂપિઆની રકમ પ્રમાણે તેને ત્યાં ઠોરનો મહા પ્રસાદ પહોંચાડે છે તે ઠોર પહોંચાડનારને પણ ચાર આના, આઠ આના કે રૂપિઓ આપવો પડે છે.

નોટો--રૂપિઆના બદલામાં હુંડી કે નોટ હોય તો તે પણ સ્વિકારવામાં આવે છે.

ઉપરાણો--ભંડારીનું કામ પતાવ્યા પછી તેની પહોંચ જોઇને સમાધાની સાહેબ શ્રી ગોવર્ધન લાલજી ગહાનજ પાસે તેડી જાય છે અને ભેટનો રૂપિઓ મૂકાવ્યા પછી ઉપરાણો ઓઢાડે છે.

બ્રાહ્મણ--જાત્રાળુને કોઇ પણ જાતની ફરજ પાડવામાં આવતી નથી, તે તો પોતાની ખૂશી પ્રમાણે જે કંઇ આપે તે સેવા ખાતે કબૂલ કરે છે.

કિસન ભંડાર--ઉપરાણો મળ્યા પછી સેવાની રકમની પહોંચ લેઇને કિસન ભંડારમાં જવું પડે છે, અને ભંડારી તરફથી ચોધરીના નામની એક ચિટ્ઠી થાય છે તે ઉપર મોહોર કરાવવી પડે છે. તે મોહોર થયા કેડે ચોધરી તરફથી ગાડું મળવાનો બંદોબસ્ત થાય છે, પણ મોહોર કરાવવામાં ઘણું ખોટી થવું પડે છે. કારણ કે મોહોર કરી અપાવનાર અધિકારી કે જે એક સૂરતનો જૂવાન વૈષ્ણવ છે તે પોતાની બેઠકે નિયમીત નહીં બેસી રહેવાથી અને તેના તાબાના માણસોને તેની રજા વગર કંઇ પણ કરવાની મના હોવાથી વારંવાર અથડામણ થાય છે. વળી એ અધિકારીના હાથમાં કડી, દોરા વિગેરે રહે છે. તેવી

હલકી ચીજો લેવાને પણ ઘણું અથડાવું પડે છે. માટે તેવું કામ કરવાને વાસ્તે તાબાના માણસોમાંથી એક જણને મૂકરર કરવાની જરૂર છે.

ગાડાની પરવાનગી—કિસન ભંડારની મોહોર બંધ ચિઠ્ઠીઓ ધરીને બતાવેથી તે ગાડુ અપાવે છે તેના ભાડાના રૂ ૯) કાચા પ્રથમથી અને રૂ ૯) કલદાર મૂકામે પહોંચ્યા પછી આપવાનો ઠરાવ છે. આ ભાડું ઘણું આકરૂં છે, પણ ના ઇલાજે આપવું પડે છે. ઉંટના ભાડાના રૂ ૪) અને પોઠીના રૂ ૨) લેવામાં આવે છે.

નોટનું ચલણ—ઘણું કરી તમામ જગોએ નોટો ચાલે છે. સ્ટેસનો ઉપર ટીકીટના રૂપિઆને બદલે બધી જગોએ નોટો લેવાય છે. પણ ભીલવાડાના સ્ટેસન ઉપર એક માણસ નોટોનો વટાવ દશ રૂપિએ બે આના પ્રમાણે લેઇ તે નાણું આપે છે. અહીંના ટીકીટ માસ્તરો નોટ લેવા જરા આનાકાની કરે છે, પણ સ્ટેસન માસ્તરને જાહેર કીધા પછી કંઇ પણ વાંધો રહેતો નથી.

શ્રી નાથજીમાં જોવા લાયક બનાવો—

બેન્ડવાજુ—શ્રી નાથ દ્વારામાં એક બેન્ડ વાજુ રહે છે. પરોઢના ચાર વાગે છે તે વખતે પ્રથમ બ્યૂગલ થયા પછી એ વાજુ વાગે છે, ત્યાર પછી ચોઘડીઆં વાગે છે, અને તે પછી સવારના ૭ વાગ્યા બાદ સમય સમયનાં દર્શન થાય છે.—

દર્શનનો સમય.

મંગળાનાં દર્શન બરોબર સવારના ૭ વાગે ઘણું કરીને થાય છે.

શણગારનાં–દર્શન–સાત અને આઠ વાગ્યાની વચમાં થાય છે.

ગોવાળના દર્શન દશ વાગ્યાના સમયમાં થાય છે.

રાજ ભોગનાં દર્શન ઘણું કરીને અગિઆર વાગે થાયછે.

ઉપર મૂજબ દર્શનનો સમય છે છતાં ધન સંક્રાન્તી-માં વહેલાં થાય છે અને વળી પૂજા કરનાર મૂખીઆજી-ની ચાલાકીપર જરા મોડા વહેલાનો આધાર રહે છે—સાંજની વખતે ચાંર વાગે ઉત્થાપન, તે પછી ભોગસરા, ને પછી સંધ્યાઆરતી અને છેવટે સાત વાગે શયનનાં દર્શન થાય છે. દર્શન કરવાને વાસ્તે કેટલાંક વૈશ્નવો એટલા આતૂર હોય છે કે કે તે એકે પણ સમયનાં દર્શન કર્યા વગરના રહેતા નથી.

મસાલાદાર દુધ——મંગળાનાં દર્શન થઇ રહ્યા પછી શ્રી નાથજીને ધરાંવેલું મસાલાદાર દૂધ નોકરોને વહેંચવામાં આંવે છે. પછી તે લોકો વેચવા નીકળે છે. તેમાંના ઘણા ખરા માંહે ભેગ કરીને વેચે છે, માટે જેને ખરૂં દૂધ મેળવવું હોય તેણે મંદીરમાંથીજ શણગાર વખતે ઉભા રહી ભંડાર આગળથી લેવું જોઇએ.

રાજ ભોગની સામગ્રી——રાજભોગ થઇ રહ્યા પછી નોકરોને દરેકના ઠરાવેલા વાંટ પ્રમાણે આપવામાં આવે છે પછી તે લોકો તે સામગ્રી વેચવા નીકળે છે. મંદીર નજીક કેટલીક દુકાનોછે તેમાં પણ તે વેચાય છે. તેને પાતળ મળતી હોય તેને બે આનાની, ચાર આનાની, આઠ આનાની, એવી રીતની પાતળો મળે છે, તેમાં વિશેષે કરીને ભાત, મગ, અને કેટલાંક શાક હોય છે, બે આનાની એક પાતળમાં એક માણસ ધરાતાં તે ઉપરાંત વધે છે, અને તે પ્રમાણે બીજી પાતળોનું પણ સમજવું. વધારે કિમ્મતની પાતળ લેવાથી વધારે મિષ્ટ પદાર્થો મળે એવી જે ધારણા રાખવી તે વ્યર્થ છે. શ્રી નવનીધ લાલજીના મંદીરની પાતળ ઓછામાં ઓછા છ પૈસે પણ વેચાય છે. દૂધપાક, શિખંડ, વિગેરે મિષ્ટ

પદાર્થ જૂદા વેચાય છે, પાતળમાં જૂજ આવે છે, તેમજ કદી પણ પાતળમાં એકાદ પડીઓ આવે છે, તેથી પાતળ લેનારને સંતોષ મળતો નથી.

મહા પ્રસાદની ધમાલ—મંદીરમાંથી આખો દહાડો નોકરો, શાકભાજી, ઠોર, પૂરી, દૂધ, દહીં, મેવા વિગેરે લેઇને નીકળતા માલૂમ પડે છે, તેથી એમજ લાગે છે કે સૌથી વધારે વેપાર આજ ચાલતો હશે, સાંજની વખતે તો મેવાના પડીઆ પુષ્કળ વેચાય છે. તેથી જાત્રાળુ ને મેવો ખાવાનો ઠીક તડાકો પડે છે.

આનંદ—આખો દિવસ જાત્રાળુઓ મંદીરમાં આવજા કરે છે. વૈષ્ણવો ભજન ગાય છે, તેમજ જૂદા જૂદા શહેરના માણસો તેમનું નિયમીત કામ કરતાં કરતાં ધોળ બોલે છે, તે બધો દેખાવ આનંદ દાયક લાગે છે. કેટલાક ભાવિક વૈષ્ણવો તો વધારે વખત અહીં રહેવાય તો સારૂં એમ ધારે છે, તેમના ઉપર શ્રીનાથજીની પૂર્ણ કૃપા હોય એમ દીસે છે. માટે દરેક વૈષ્ણવને લાયક છે કે પોતાની જીંદગીમાં એક વખત શ્રીનાથજીની ઝાંખી કરી આવવી જોઇએ.

મૂર્ત્તિની જગા—શ્રીનાથજીની મૂર્ત્તિ જે ઓરડામાં છે, તેની બાંધણી સાદી છે, અને તે ઉપર એક નાનું નળીઆંથી ઢાંકેલું છાપરું છે. તે ઉપર એક ઊંચી ધજા છે, અને વળી તે ઉપર લાલ, લીલાં, પીળાં, જાંબુડી, જરીનાં, એવાં એવાં ભાત ભાતનાં મોટા નિશાન ફરકે છે. તેમજ તેના ઉપર એક ઊંચુને ઘણું મોટું ઘુમટું પણ છે. વળી છાપરાની અંદર એક પૈડું વિગેરે છે.

શ્રીનાથજીની સ્વારી—કહેવાય છે કે શ્રીનાથજી હમેશાં રાત્રે ફરવા નીકળે છે તેથી તે રથ, બળદ વિગેરે રાખે છે. વળી પોતે જ્યારે અત્રે પધારેલા ત્યારે પોતાની સાથે જે ગાય લાવેલા તેનાજ વંશની હાલમાં એક ગાય

છે. માટે એ બાબતનાં દર્શન કરવાને વૈષ્ણવોએ ચૂકવું નહીં.

છેવટ—શ્રી નાથદ્વારે જનાર વૈષ્ણવોને આ ટુંક હકીકત બસ થશે, એમ ધારી એટલુંજ જણાવું છું કે અમદાવાદથી ભીલવાડાને રસ્તે ઓછામાં ઓછા આગગાડીની મુસાફરીના રૂ ૪) એમ છે. અને ત્યાંથી શ્રીનાથદ્વારે પહોંચતાં રૂ૧—૮—૦ ઘણું કરીને બેસેછે, એટલે શ્રીનાથજી પહોંચવાનું ખર્ચ રૂ૫—૮—૦ થાય છે અને ચાર દિવસમાં ત્યાં પહોંચાય છે, રાણીને રસ્તે જતાં અમદાવાદથી રાણી સુધીના રૂ૧—૧૫—૦ અને રાણીથી શ્રીનાથજી સુધીના રૂ૧—૪—૦ ને આશરે થાય છે અને ત્રણ દિવસ ત્યાં પહોંચતાં થાય છે. અને ગાડીભાડા- નું કુલ ખરચ રાણીથી જતાં રૂ૩—૩—૦ થાય છે. એટલે એકંદર જવા આવવાનું માણસ દીઠ રૂ૧૧—૧૨—૦ ને આ- શરે ખર્ચ થાય છે. આ ખર્ચ ભારે પડે તેવું નથી. છતાં ઘણા ખરા માણસો શ્રીનાથજીની ભેટથી ચમકી ત્યાં જતાં ડરે છે, માટે તેનો બંદોબસ્ત થશે તો દીનપરદીન જાત્રા- ળુની સંખ્યામાં વધારો થવાનો, એટલુંજ નહીં પણ લો- કોની હેરાનગતી ઓછી થવાથી ઉપજમાં પણ વધારો થવાનો. માટે ગોસ્વામીજી શ્રીગોવર્ધન લાલજી મહારાજ તથા તેમના લાગતા વળગતા કારભારીઓ આ બાબત લક્ષમાં લેશે એવી ઉમેદ રાખુંછું.

ગરબી.

આજ કરવાનું આજ કરીએરે, કાલ કોણે દીઠી છે;
આજનો લાહાવો લીજીએરે, કાલ કેણે દીઠી છે.
હરિ દર્શન સુખ લ જીએરે, કાલ કોણે દીઠી છે;
હરિ ભજન થકી મન રીઝીએરે. કાલ કોણે દીઠી છે.
કૃષ્ણ ભજનથી મન રીઝીએરે, કાલ કોણે દીઠી છે.

સમાપ્ત.